**<u>વાદીની આંક–૩૩ની શ્રી રાધાકૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી સ્વામી લક્ષ્મીનારાયણદાસજી ગુરુશ્રી લક્ષ્મીપ્રસાદજીની સરતપાસ લગત પ્રતિવાદી નં. ૧,૪ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, એમ.ટી.રાવલ</u>**

(૧) એ વાત ખરી છે કે, મારુ જન્મ સમયનું નામ લલીત મકનજી આમોદરા છે. એ વાત ખરી છે કે, મારુ મુળ વતન ગામ ઉઘલ, બલદાણા ગામની બાજુમાં તા. લીંબડી છે. એ વાત ખરી છે કે, મેં નવ વર્ષની ઉંમરે નરનારાયણદેવ મંદિર,અમદાવાદ મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી નરનારાયણદેવ દેશના ગાદીપતી હતા ત્યારે સંતદીક્ષા લીધેલી. એ વાત ખરી છે કે, મારી સંતદીક્ષા સ્વામીનારાયણમંદીર ખારવા તા. વઢવાણના પ્રાણપ્રતીષ્ઠા મહોત્સવમાં થયેલી. એ વાત ખરી છે કે, મારી સંતદીક્ષા બાદ મારુ નામ સ્વામી લક્ષ્મીનારાયણદાસજી ગુરુ પ્રેમજીવનદાસજી રાખેલું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી સંતદીક્ષા મારા માતા–પિતાની પરવાનગી વગર થયેલી. એ વાત ખરી છે કે, મારી સંતદીક્ષા થયા બાદ હું પ્રથમ સ્વામીનારાયણમંદિર મુળી મુકામે રહેલો. એ વાત ખરી છે કે, ત્યારબાદ હું સ્વામીનારાયણમંદિર છપૈયા મુકામે રહેલો. એ વાત ખરી છે કે, હું સ્વામીનારાયણમંદિર છપૈયા મુકામે રહેલો ત્યારે મારું નામ સ્વામી લક્ષ્મીનારાયણદાસજી ગુરુ પ્રેમજીવનદાસજીમાંથી સ્વામી લક્ષ્મીનારાયણદાસજી ગુરુ લક્ષ્મીપ્રસાદજી થયેલું. એ વાત ખરી છે કે, ત્યારબાદ હું મુળી સ્વામીનારાયણમંદિર પરત રહેવા માટે આવેલો.

સવાલ:– તમે મુળી સ્વામીનારાયણમંદિર તથા છપૈયા સ્વામીનારાયણમંદિરે સ્વૈચ્છાએ રહેલા ?

જવાબ:– અમારુ મંડળ હોય છે અને મંડળ જયાં જતું હોય ત્યાં જવાનું હોય છે. તે સમયે મારી સગીર વયના કારણે મારી સ્વૈચ્છા હતી કે કેમ તે હું કહી શકુ નહી.

(૨) એ વાત ખરી છે કે, ચરાડવા સ્વામીનારાયણમંદિરના મહંતપદે મારી નીમણુક નરનારાયણદેવ ગાદીપતી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે કરેલી. એ વાત ખરી છે કે, હું જયારે ચરાડવા સ્વામીનારાયણમંદિરના મહંતપદે હતો ત્યારે ધાર્મિક પ્રચાર અર્થે લંડન અને અન્ય વિદેશપ્રવાસે ગયેલો. એ વાત ખરી નથી કે, હું ચરાડવા સ્વામીનારાયણમંદિરના મહંતપદે હતો ત્યારે ધાર્મિક પ્રચાર અર્થે લંડન અને અન્ય વિદેશપ્રવાસે ગયેલો ત્યારે પણ ગાદીપતી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની સંમતીથી ગયેલો. એ હું કહી શકુ નહી કે, હાલમાં નરનારાયણદેવ અમદાવાદની ગાદી ઉપર આચાર્ય મહારાજશ્રી તરીકે કૌશેન્દ્રપ્રસાદજી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ ગાદીપતી છે. એ વાત ખરી નથી કે, વાદીટ્રસ્ટના પ્રમુખ તરીકે મારી નીમણુક નરનારાયણદેવ ગાદીપતી તેજેન્દ્રપ્રસાદજી મહારાજજી દ્રારા કરવામાં આવેલી. એ વાત ખરી છે કે, મને નિશાની ૭૬/૧ બતાવતા જોઈ કહુ છુ કે તે અમારા ટ્રસ્ટનું ટ્રસ્ટડીડ છે. એ વાત ખરી છે કે, નિશાની ૭૬/૧ મોરબી મદદનીશ ચેરીટી કમીશ્નરમાં રજીસ્ટર્ડ થયેલું છે. એ વાત ખરી છે કે, નિશાની ૭૬/૧નાં ટ્રસ્ટડીડના સેટલર તરીકે શાસ્ત્રી લક્ષ્મીનારાયણદાસજી ગુરુ લક્ષ્મીપ્રસાદદાસજી છે. એ વાત ખરી છે કે,નિશાની ૭૬/૧નાં ટ્રસ્ટડીડમાં ટ્રસ્ટી તરીકે સ્વામીનરેન્દ્રપ્રસાદદાસજી તથા સ્વામીરામસ્વરૂપદાસજીનું નામ છે. એ વાત ખરી છે કે, નિશાની ૭૬/૧નાં ટ્રસ્ટડીડની કલમ ૬ની પેટા કલમ ૬માં *"આ ટ્રસ્ટના પ્રમુખ તરીકે સ્થાપક આજીવન ટ્રસ્ટી સદગુરુશાસ્ત્રી લક્ષ્મીનારાયણશાસ્ત્રી આ ટ્રસ્ટના પ્રમુખ તરીકે આજીવન રહેશે અને તેમની હયાતી બાદ શિસ્યપરંપરાગત તેમની જગ્યાએ જે તે વખતના શ્રીનરનારાયણદેવ ગાદીપતી અમદાવાદના પરમપુજય આચાર્ય મહારાજની અનુમતી મેળવીને પ્રમુખ તરીકે ટ્રસ્ટમાં નિયુકત થશે "* તેવી જોગવાઈ કરેલ છે. એ વાત ખરી છે કે, નિશાની ૭૬/૧નાં ટ્રસ્ટડીડની કલમ ૬ની પેટા કલમ ૭માં *"મેનેજીંગ ટ્રસ્ટી અને ઉપપ્રમુખ તરીકે સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજી આજીવન ઉપપ્રમુખ તથા મેનેજીંગ ટ્રસ્ટી તરીકે રહેશે તેમની હયાતી બાદ ટ્રસ્ટના પ્રમુખ તથા જે તે વખતના પુજય આચાર્ય મહારાજશ્રીની સંમતીથી ટ્રસ્ટમાં ઉપપ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી તરીકે કામ કરશે "* તેવી જોગવાઈ કરેલ છે. એ વાત ખરી છે કે, નિશાની ૭૬/૧નાં ટ્રસ્ટડીડની કલમ ૬ની પેટા કલમ ૬ અને ૭માં આજદીન સુધી કોઈ ફેરફાર થયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે કે, નિશાની ૭૬/૧નાં ટ્રસ્ટડીડની કલમ ૬ની પેટા કલમ ૬ અને ૭માં ફેરફાર કરવા માટે અમે ચેરીટી કમીશ્નરમાં ગયેલા છીએ. એ વાત ખરી છે કે, નિશાની ૭૬/૧નાં ટ્રસ્ટડીડની કલમ ૬ની પેટા કલમ ૬ અને ૭માં ફેરફાર કરવા માટે અમે ચેરીટી કમીશ્નરમાં ગયેલા છીએ તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલો નથી.

સવાલ:– નિશાની ૭૬/૧નાં ટ્રસ્ટડીડની કલમ ૬ની પેટા કલમ ૬ અને ૭માં ફેરફાર કરવા માટે તમે ચેરીટી કમીશ્નરમાં ગયેલા છો અને ચેરીટી કમીશ્નરશ્રીએ તે કલમમાં ફેરફાર કરતો હુકમ કરેલ હોય તો તેવો કોઈ હુકમ તમે આ કામે રજુ કરેલો નથી. ?

જવાબ:– હાલમાં ચેરીટી કમીશ્નરશ્રીમાં આ અંગેનો કેસ ચાલું છે.

(૩) એ વાત ખરી નથી કે, નિશાની ૭૬/૧ના ટ્રસ્ટડીડમાં એવી જોગવાઈ છે કે, ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સંત હોય તે જ ટ્રસ્ટના પ્રમુખ તરીકે રહી શકે. એ વાત ખરી છે કે, હું પણ અગાઉ સંત તરીકે રહી ચુકેલ છું. એ વાત ખરી નથી કે, જે સંત હોય તેણે આજીવન સંત તરીકે રહેવું પડે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એવી કયાંય જોગવાઈ નથી. નિશાની ૭૬/૧ રજુ દાખલ **આંક–૮૦.**

સવાલ:– સંત હોય તેણે બ્રહમચર્યનું પાલન કરવું પડે ?

જવાબ:– સંત શબ્દ વિશાળ છે, કોઈ સંત બ્રહમચર્યનું પાલન કરે, કોઈ સંત બ્રહમચર્યનું પાલન ન પણ કરે. હું સંત તરીકે મારા વિશે કહી શકુ. તમામ સંતો વીશે બ્રહમચર્યનું પાલન કરે છે કે કેમ તે કહી શકુ નહી.

એ વાત ખરી છે કે, હું જયારે સંત હતો ત્યારે સ્વામીનારાયણ સંપ્રદાયનો સંત હતો.

સવાલ:– સ્વામીનારાયણ સંપ્રદાયના સંત હોય તેણે બ્રહમચર્યનું પાલન કરવું પડે ?

જવાબ:– સંત શબ્દ વિશાળ છે, કોઈ સંત બ્રહમચર્યનું પાલન કરે, કોઈ સંત બ્રહમચર્યનું પાલન ન પણ કરે. હું સંત તરીકે મારા વિશે કહી શકુ. તમામ સંતો વીશે બ્રહમચર્યનું પાલન કરે છે કે કેમ તે કહી શકુ નહી.

એ વાત ખરી છે કે, સ્વામીનારાયણ સંપ્રદાયના સંત કે જેમણે દીક્ષા લીધી છે તેઓ સંત હોય ત્યાં સુધી તેમણે અપિરિણિત રહેવું પડે. એ હું કહી શકુ નહી કે, તેમણે બ્રહમચર્યનું પાલન કરવું પડે. એ વાત ખરી છે કે, હું હાલ પરિણિત છું. એ વાત ખરી છે કે, મેં સને ૨૦૦૫ના વર્ષમાં ભગવા વસ્ત્રનો ત્યાગ કરેલ છે. એ વાત ખરી નથી કે, મેં ભગવા વસ્ત્રનો ત્યાગ કર્યા બાદ મારુ જન્મ વખતનું નામ ધારણ કરેલ છે.

સવાલ:– હાલ તમે તમારા જન્મના નામથી ઓળખાવ છો ?

જવાબ:– હાલ હું મારા શાસ્ત્રીલક્ષ્મીનારાયણદાસ ઉર્ફે જન્મના નામથી ઓળખાઉ છું.

એ વાત ખરી છે કે, હું સને ૨૦૦૫ના વર્ષમાં ભગવા વસ્ત્રનો ત્યાગ કર્યા બાદથી શાસ્ત્રીલક્ષ્મીનારાયણદાસ ઉર્ફે જન્મના નામથી ઓળખાઉ છું.

સવાલ:– સને ૨૦૦૫ના વર્ષમાં ભગવા વસ્ત્રનો ત્યાગ કર્યા બાદથી શાસ્ત્રીલક્ષ્મીનારાયણદાસ ઉર્ફે જન્મના નામથી ઓળખાઓ છો તે દર્શાવતો કોઈ પુરાવો તમે આ કામે રજુ કરેલ નથી ?

જવાબ:– મારા તમામ ડોકયુમેન્ટ શાસ્ત્રીલક્ષ્મીનારાયણદાસના નામથી જ છે.

એ વાત ખરી છે કે, મેં જયારે ભગવા વસ્ત્રનો ત્યાગ કર્યો ત્યારે મારી સાથે સાધુ ઘનશ્યામપ્રકાશદાસ તથા સાધુ અક્ષરપ્રસાદદાસે પણ ભગવા વસ્ત્રનો ત્યાગ કરેલો.

(૪) એ વાત ખરી છે કે, આ દાવાના કામે પ્રતિવાદીએ રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ મને મળેલ છે. એ વાત ખરી છે કે, સને ૨૦૦૫ના વર્ષમાં મેં ભગવા વસ્ત્રનો ત્યાગ કર્યા બાદ સ્વામીનારાયણમંદિર મુળીના ત્યાગીપંચ(મંડળ) અને ગાદીપતીની હાજરીમાં ઠરાવ કરીને મને સાધુ તરીકે દુર કરેલ. એ વાત ખરી છે કે, મને સાધુ તરીકે દુર કર્યા બાદ તેની સામે મેં કોઈ કાનુની કાર્યવાહી કરેલી નથી. એ વાત ખરી નથી કે, સ્વામીનારાયણમંદિર મુળીના ત્યાગીપંચ(મંડળ) અને ગાદીપતી દ્રારા ઠરાવ કરીને મને સને ૨૦૦૫નાં વર્ષમાં વાદીટ્રસ્ટના પ્રમુખ તરીકે દુર કરેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યાગીપંચ(મંડળ)ને વાદીટ્રસ્ટના પ્રમુખ તરીકે મને દુર કરવાની કોઈ સત્તા નથી. એ વાત ખરી નથી કે, સને ૨૦૦૫નાં વર્ષમાં વાદીટ્રસ્ટના પ્રમુખ તરીકે આચાર્ય મહારાજશ્રી ગાદીપતીની અનુમતીથી દશરથભાઈ પી.પટેલ પ્રતિવાદી નં. ૧ની નીમણુક કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યાગીપંચ(મંડળ)ને વાદીટ્રસ્ટના પ્રમુખ તરીકે નીમવાની કોઈ સત્તા નથી. એ વાત ખરી નથી કે, ત્યારપછી આજીવન ટ્રસ્ટી તરીકે આચાર્ય મહારાજશ્રીની અનુમતી અને સહમતીથી પ્રતિવાદી નં.૪ની વાદીટ્રસ્ટના આજીવન ટ્રસ્ટી તરીકે નીમણુક કરવામાં આવેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આચાર્ય મહારાજશ્રીને વાદીટ્રસ્ટના આજીવન ટ્રસ્ટી તરીકે નીમવાની કોઈ સત્તા નથી તેમજ બળજબરીપુર્વક નીમેલા કહેવાતા દશરથભાઈ પટેલને ચેરીટી કમીશ્નર,સુરેન્દ્રનગર દ્રારા ફેરફાર રીપોર્ટ નંબર ૧૪૯/૨૦૦૫થી નામંજુર કરેલ છે. એ વાત ખરી છે કે, ચેરીટી કમીશ્નર,સુરેન્દ્રનગરનો ફેરફાર રીપોર્ટ નંબર ૧૪૯/૨૦૦૫ પ્રતિવાદી નં. ૧ તથા પ્રતિવાદી નં .૪નું નામ દાખલ કરવા માટે ગયેલા તેનો હતો. મને એ વાતની ખબર નથી કે, ચેરીટી કમીશ્નર,સુરેન્દ્રનગરનો ફેરફાર રીપોર્ટ નંબર ૧૪૯/૨૦૦૫ અમારા ટ્રસ્ટના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી સ્વામીનરેન્દ્રપ્રસાદદાસજીએ દાખલ કરેલો. એ વાત ખરી નથી કે,ચેરીટીકમીશ્નર,સુરેન્દ્રનગરનો ફેરફાર રીપોર્ટ નંબર ૧૪૯/૨૦૦૫નાં હુકમને જોઈન્ટ ચેરીટી કમીશ્નર,રાજકોટ સમક્ષ પડકારેલ. એ વાત ખરી છે કે, ચેરીટી કમીશ્નર,સુરેન્દ્રનગરના ફેરફાર રીપોર્ટ નંબર ૧૪૯/૨૦૦૫ દાખલ કર્યા બાદ ફેરફાર

રીપોર્ટ નંબર ૧૫૮/૨૦૦૫ દાખલ કરેલો. એ વાત ખરી છે કે, સુરેન્દ્રનગરના ફેરફાર રીપોર્ટ નંબર ૧૫૮/૨૦૦૫ પણ સુરેન્દ્રનગર આસીસ્ટન્ટ ચેરીટી કમીશ્નરશ્રીએ અંશતઃ મંજુર કરેલો. એ વાત ખરી છે કે, અપીલ નંબર ૮/૨૦૦૬થી જોઈન્ટ ચેરીટી કમીશ્નર,રાજકોટ સમક્ષ ફેરફાર રીપોર્ટ નંબર ૧૫૮/૨૦૦૫નાં હુકમની સામે નિશાની ૭૬/૭ અપીલ કરેલી. એ વાત ખરી છે કે, અપીલ નંબર ૮/૨૦૦૬ જોઈન્ટ ચેરીટી કમીશ્નર,રાજકોટે નામંજુર કરેલી. નિશાની ૭૬/૭ રજુ દાખલ **આંક–૮૧.**

સવાલઃ– તમને વાદીટ્રસ્ટના પ્રમુખ અને આજીવન ટ્રસ્ટી તરીકે આચાર્ય મહારાજશ્રીએ દુર કરેલા તેની જાણ હળવદ પોલીસ સ્ટેશનને કરેલી ?

જવાબઃ– મને મહારાજશ્રીએ આજીવન ટ્રસ્ટી તરીકે દુર કરવાની સત્તા નથી અને પોલીસ સ્ટેશનમાં જાણ કર્યાની મને ખબર નથી.

(૫) એ વાત ખરી છે કે, માર્ક ૭૬/૨ એ ટ્રસ્ટનું પી.ટી.આર. (પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટર) છે. એ વાત ખરી છે કે, ટ્રસ્ટની નોંધણી થયા બાદ તેમાં ટ્રસ્ટમાં જે કાંઈ ફેરફાર થયા હોય તેની તમામ નોંધ પી.ટી.આર.માં નોંધવામાં આવે. એ વાત ખરી છે કે, ટ્રસ્ટના પી.ટી.આર.માં હાલ મારા ઉપરાંત અન્ય ચાર ટ્રસ્ટીઓ છે. એ વાત ખરી છે કે, મને માર્ક ૭૬/૨ બતાવતા જોઈ કહુ છુ કે આ ટ્રસ્ટનું પી.ટી.આર. તારીખ ૨૭/૫/૨૦૨૫ નાં રોજ મેળવેલ પી.ટી.આર.ની નકલ છે. એ વાત ખરી છે કે, ટ્રસ્ટની નોંધણી બાદ છેલ્લે તારીખ ૭/૭/૨૦૨૩નાં રોજ ફેરફાર કરવામાં આવેલ છે ત્યાં સુધીનું આ પી.ટી.આર. છે. એ વાત ખરી છે કે માર્ક ૭૬/૨ વાળું ટ્રસ્ટનું પી.ટી.આર. જોઈ જણાવું છુ કે, તેના કોલમ નં.૩માં ટ્રસ્ટીઓના નામ જણાવેલા છે. એ વાત ખરી છે કે માર્ક ૭૬/૨ વાળું ટ્રસ્ટનું પી.ટી.આર. જોઈ જણાવું છુ કે, તેના કોલમ નં.૩માં ટ્રસ્ટીઓના નામની સામે આજીવન ટ્રસ્ટી એવું લખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પી.ટી.આર.નાં કોલમ નં.૪માં અનુગામી ટ્રસ્ટી અને મેનેજર નીમવાની રીતમાં પેટા ૨ માં હાલના નંબર ૧ થી ૩નાં સભ્યો આજીવન ટ્રસ્ટી રહેશે તેવું જણાવેલ છે. નિશાની ૭૬/૨ રજુ દાખલ **આંક–૮૨**.

**આ તબ્બકે કોર્ટ સમય પુરો થતા વધુ ઉલટતપાસ માટે મુલતવી.**

તા.૭/૮/૨૦૨૫ મારી રૂબરૂ
હળવદ.

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧